# ગાંધીનગરના ફરવાલાયક સ્થળો પર સહેલાણીઓની ભારે ભીડ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના ફરવા લાયક સ્થળો પર આજથી સહેલાણીઓની ભારે ભીડ જોવા મળી હતી. પવિત્ર ઈદના તહેવારને પગલે શહેરના બાગ-બગીચાઓમાં પણ મુલાકાતીઓનો ભારે ધસારો રહ્યા હતો. ત્યારે શહેરના પર્યટન સ્થળો આગામી ત્રણ-ચાર દિવસ સહેલાણીઓથી ધમધમતા રહેશે. શહેરના લાખો સહેલાણીઓને પગલે ચા-પાણી, નાસ્તા, હોટલ-રેસ્ટોરન્ટના વેપારીઓના ધંધા-રોજગારમાં પણ તેજી જોવા મળશે.

ગાંધીનગર શહેરમાં અનેક નાના-મોટા ફરવા લાયક અને જોવા લાયક સ્થળો આવેલા છે. શહેરમાં સામાન્ય



દિવસોમાં પણ ફરવા લાયક સ્થળોમાં હજ્જારો સહેલાણીઓ આવતા હોય છે. શહેરના જગ પ્રસિધ્ધ અક્ષરધામ મંદિરની રોજ લાખો નાગરીકો મુલાકાત લે છે. સવાર થી સાંજ સુધી મંદિર ભકતો અને મુલાકાતીઓથી ઉભરાતું હોય છે. ત્યારે શહેરના પર્યટક સ્થળોએ તહેવારના સમયે મુલાકાતીઓની સંખ્યામાં વિશેષ વધારો નોંધાય છે. ત્યારે પવિત્ર ઈદના તહેવારને પગલે શહેરના સેકટર-૨૮ ગાર્ડન, ઘ-૪ સ્વર્ણીમ પાર્ક, સે-૧ તળાવ, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સરિતા ઉદ્યાન, મહાત્મા મંદિર,અક્ષરધામ મંદિર સહિતના ફરવા-જોવા અને માણવા લાયક સ્થળોએ મુલાકાતીઓનો ભારે ધસારો રહેશે. જયારે ગાંધીનગર શહેર મધ્યમાં હોવાથી અમદાવાદ, વિજાપુર, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી પણ ઈદના દિવસોમાં ભાઈ-બહેનો પોતાના પરિવાર સાથે શહેરના ફરવા લાયક સ્થળોની મુલાકાત કરે છે અને આનંદ કિલ્લોલ કરે છે.આગામી ચાર-પાંચ દિવસ સેકટર-૨૮ ગાર્ડન નાના બાળકોના કલરવથી ગુંજી ઉઠશે. બાળકોને રમવા માટેના સાધનો અને વિવિધ રાઈડ્સને પગલે સે-૨૮ ગાર્ડન બાળકોની પ્રથમ પસંદગી છે. ત્યારે આગામી દિવસોમાં શહેરમાં લાખો સહેલાણીઓને પગલે નગરના ખાણીપીણી બજારમાં પણ ભારે તેજી જોવા મળશે.

# માનવ અધિકાર આયોગના અધિકારીઓ પાસે દલિત અત્યાચાર મામલે પત્રકારો સાથે વાત કરવાનો સમય પણ નથી...!!

ગાંધીનગર, તા.૧૬

રાજ્યમાં માનવ અધિકારો માટે માનવ અધિકાર આયોગ કાર્યરત છે સામાજિક જીવનમાં જીવતા નાગરિકો પર થતા અત્યાચાર મામલે આ આયોગ કાર્યવાહી કરે છે પરંતુ બે દિવસ અગાઉ માડલમાં વિઠલાપુર નજીક દલિત યુવાનને ઢોર માર મારવાની ઘટના સંદર્ભે પત્રકારો સાથે વાતચીત કરવાનો પણ સમય આયોગના અધિકારીઓ પાસે નથી દરરોજ હજારો લોકો સાથે સંપર્કમાં રહેતા મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિકારીઓ પાસે પણ પત્રકારોને મળવાનો સમય હોય છે ત્યારે માનવ અધિકાર આયોગ પાસે આટલી મોટી દલિત યુવાને માર મારવાની ઘટના બનવા છતાં વાત કરવાનો સમય પણ નથી તે વાત જરા અચરજ પમાડે તેવી છે. આયોગના અધિકારીઓની આ પ્રકારની ચુપકી કેમ છે.

આપણા સામાજિક જીવનમાં અનેક પ્રકારની જાતિ અને ધર્મના નાગરિકો જીવે છે ભારતના સંવિધાન મુજબ બધાને પોતાની રીતે જીવન જીવવાનો અધિકાર છે તેવા હક્કો સંવિધાનને આપેલા છે તેમ છતાં પણ અનેકવાર આજ સામાજિક જીવનનો હિસ્સો છે તેવા આદિવાસી અને દલિત સમુદાયમાં તેને આધારે માર મારવાની ઘટના બનતી આવી છે છેલ્લા ઘણા સમયથી ગુજરાત રાજ્યમાં દલિતો પણ થતાં હજારોની સંખ્યામાં સતત વધારો થતો આવ્યો છે થોડા સમય અગાઉ ઉનામાં દલિત યુવાનોને માર મારવાની ઘટના બની હતી. બાદમાં ભાવનગરમાં પણ દલિત યુવાનને ઘોડો લઈ કેમ ફરે છે તેમ કહી જાહેરમાં રહેંસી નાખવામાં આવ્યો હતો જે બાદ ત્રણ દિવસ પહેલા માડળના વિઠલાપુર નજીક દલિત યુવાનને સોનાની ચેન અને મોજડી કેમ પહેરી છે શું તારે દરબાર થવું છે તેમ કહી ચાર યુવાનોએ ઢોર માર માર્યો હતો તેનો આખો વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો જે ઘટનાએ રાજ્યમાં ફરી એક વખત ચકચાર મચાવી છે. આ ઘટના સંદર્ભે રાજ્ય માનવ અધિકાર આયોગની કચેરીનો પત્રકારો દ્વારા સંપર્ક કરાયો હતો પરંતુ આયોગના અધિકારીઓ પાસે ઘટના અંગે વાતચીત કરવાનો પણ સમય નથી. સતત લોકસંપર્કથી ધમધમતા મુખ્યમંત્રી કાર્યાલયથી લઈ અનેક કચેરીઓમાં સંબંધિત અધિકારીઓ પાસે ક્યાંકને ક્યાંક પત્રકારોને મળવાનો સમય હોય છે પરંતુ લોકસંપર્ક થી ઓછી અવરજવર ધરાવતી રાજ્ય માનવ અધિકાર આયોગની કચેરીમાં ખબર નહીં પણ કેમ પાંચ મિનિટનો સમય પણ નથી સંબંધિત મુદ્દે મિડીયા સાથે વાત કરવાનો ત્યારે આયોગ કઈ કામગીરીમાં વ્યસ્ત રહે છે તે સમજાતું નથી. આયોગની જવાબદારી બને છે કે મીડિયા પત્રકાર સાથે વાત કરવી પરંતુ આ આયોગના અધિકારીઓ પાસે ખબર નહિ પરંતુ વાત કરવાનો પણ સમય નથી તે વાત જરા અચરજ લાગે તેવી છે. ખેર લોકસંપર્કથી સતત કાર્યરત અન્ય વિભાગો એ કચેરીઓ વધારે કામકાજ હશે તે માટે માનવ અધિકાર આયોગ ના અધિકારીઓ વ્યસ્ત હશે.

# વૈષ્ણોદેવીથી ઝૂંડાલ રોડ પર જતી લોડીંગ રીક્ષા પલટી ખાઈ જતાં એકનું મૃત્યુ

## રીક્ષાચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા રીક્ષા રોડની બાજુમાં ઉતરી ગઈ અને ખાડામાં ઘુસી ગઈ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ રોડ તરફ જઈ રહેલી લોડીંગ રીક્ષા અચાનક પલટી ખાઈ જતાં રોડની બાજુમાં ખાડામાં ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં લોડિંગ રિક્ષામાં સવાર બે યુવાનો પૈકી રીક્ષા ચાલક યુવાનનું ગંભીર ઈજાઓને કારણે કરૂણ મૃત્યુ નીપજયું હતું. ગઈકાલે બનેલી આ ઘટના મામલે અડાલજ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદના ચાંદલોડીયા વિસ્તારમાં આવેલા ગૌતમ નગર ખાતે રહેતા ૪૦ વર્ષીય રિક્ષાચાલક યુવાન વૈભવભાઈ વિનુભાઈ મિસ્ત્રી તેમના મિત્ર હિતેશભાઈ રામજીભાઈ રાઠોડને ગઈકાલે પોતાની લોડીંગ રીક્ષામા બેસાડીને વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ તરફ જઈ રહ્યા હતા. વૈષ્ણોદેવીથી ઝુંડાલ રોડ પર વૈભવ ભાઈ રિક્ષા લઈને જઈ રહ્યા હતા ત્યારે હિલ લુક હોટલની સામે અચાનક સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવી બેસતા રીક્ષા રોડ પરથી ઉતરી જઈને રોડની બાજુના ખાડામાં ઘૂસી ગઈ હતી. અકસ્માતમાં વૈભવભાઈ અને તેમના મિત્ર હિતેશભાઈને ઈજાઓ થવા પામી હતી. રિક્ષાચાલક વૈભવ ભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ થઈ ગયું હતું. જ્યારે ઘાયલ હિતેશભાઈને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. અડાલજ પોલીસે મૃતદેહ પીએમ કરાવી ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ તૈયારી સ્વરૂપે યોગ જાગરૂકતા શિબિર

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૨૧-૬-૧૮ના રોજ વિશ્વ યોગ દિવસની શાનદાર ઉજવણી કરવા માટેના આયોજનની તડામાર તૈયારીઓ કરી રહ્યુ છે. બેંક, ઝોનલ ઓફીસ, સે. ૧૬ ખાતે યોગ જાગરૂકતા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં વીકેર ફાઉન્ડેશનના યોગ શિક્ષક જે.સી. પટેલ દ્વારા યોગના મહત્વ વિષે



તેના ભાગરૂપે દેના બેંકના લીડ ડીસ્ટ્રીક મેનેજર અતુલસિંહ જેતાવત દ્વારા તાજેતરમાં બેંક કર્મચારીઓમાં યોગ વિષેની જાગરૂકતા કેળવાય અને વધુમાં વધુ બેંક કર્મીઓ યોગ માટેની તાલીમ શિબિરોમાં જોડાય અને વિશ્વ યોગ દિવસે સેન્ટ્રલ વિસ્ટા ખાતેના મુખ્ય કાર્યક્રમમાં જોડાય તે હેતુથી દેના વિસ્તૃત જાણકારી તથા પ્રત્યક્ષ નિદર્શન આપવામાં આવ્યું હતુ. દેના બેંક, ગાંધીનગર ઝોનના ઝોલન મેનેજર તરીકે તાજેતરમાં કાર્યભાર સંભાળનાર વી.સી. ઉપાધ્યાયે આ કાર્યક્રમના આયોજનમાં રસ દાખવી કર્મચારીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.



## ચિલોડા દૂધ ઉત્પાદક મંડળી ખાતે પરિસંવાદ યોજાયો

ગાંધીનગર તાલુકાની ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળના હોલમાં પતંજલિ મકાઈ સાઈલેજ અંગેનો એક પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પતંજલિ મકાઈ સાઈલેજ એટલે લીલી મકાઈના ચારાને દુધીયા દાણાવાળા ડોડવા સહિત કટીંગ કરી સંગ્રહ કરેલ ચારાને સાઈલેજ તરીકે ઓળખાય છે. જેમાં સાઈલેજના ફાયદાઓ, સાઈલેજ વાપરવાની પદ્ધતિ, સાઈલેજ ખવડાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોનું નિષ્ણાત દ્વારા સમજ આપવામાં આવી હતી. આ બેઠકમાં દૂધ મંડળીના સભાસદો, કમિટી સભ્યો, ગ્રાહકો, પશુપાલકો હાજર રહ્યા હતા.

# રાજ્યમાં ધોરણ-૧માં ૪,૯૮,૪૯૩ બાળકોએ પ્રવેશ મેળવ્યો

## ધોરણ-૯માં ૩,૭૨,૦૯૦ વિદ્યાર્થીઓનો પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં તા.૧૪-૧૫ જૂન દરમિયાન યોજાયેલા શાળા પ્રવેશોત્સવ દરમિયાન ધોરણ-૧માં કુલ ૪,૯૮,૪૯૬ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, આ શાળા પ્રવેશોત્સવ દરમિયાન ધો-૧ ઉપરાંત ધો-૯માં પણ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયેલ. ધો-૯માં ૩,૭૨,૦૯૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. ધો-૧માં ૨,૩૬,૦૬૮ કુમાર અને ૨,૩૨,૪૨૫ કન્યાઓએ મેળવ્યો હતો. શાળા પ્રવેશોત્સવ દરમિયાન ૨૨૨૬ વિકલાંગ બાળકોને પણ પ્રવેશ અપાયો હતો. ૪૨૦૫૨ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતા. જ્યારે ૨૨૮૬ શાળાઓમાં ટ્રોન્સપોર્ટની સુવિધા પુરી પાડવામાં આવી હતી. આંગણવાડી/બાલમંદિરમાં નામાંકન અંતર્ગત ૨,૨૧,૦૨૨ બાળકોનું નામાંકન કરાયું હતું.

શાળા પ્રવેશોત્સવ દરમિયાન જે તે ગામને દાતાઓ તરફથી કે વસ્તુ સ્વરૂપે લોક સહકાર કે દાન પણ મળતું હોય છે. આ શાળા પ્રવેશોત્સવ દરમિયાન ૧,૬૨,૯૭,૩૭૬ રોકડ સ્વરૂપે દાન મળ્યું હતું. ૧૬,૧૨,૦૮,૪૬૮નું વસ્તુ સ્વરૂપે દાન મળતા કુલ ૧૭,૭૫,૦૫,૮૪૪નું દાન પ્રાપ્ત થયું હતું.

# દહેગામ તાલુકાના જીવરાજના મુવાડા શાળામાં ફ્રી ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૬

શાળા પ્રવેશોત્સવ અંતર્ગત દહેગામ તાલુકાના જીવરાજ જીના મુવાડા પ્રાથમિક શાળાને સર્વ શિક્ષા અભિયાન દ્વારા દૂર દૂરથી આવતા બાળકો માટે ફ્રી ટ્રાન્સપોર્ટેશન સુવિધા શરૂ કરવામાં આવી છે. અંતરિયાળ ગામડાના બાળકોને સરકારી શાળામાં આવવા માટે તકલીફ ના પડે તે માટે સર્વ શિક્ષા અભિયાન ને આસપાસની ગ્રામ્યવિસ્તારની ૧૫ જેટલી શાળાઓમાં આ ફ્રી ટ્રાન્સપોર્ટેશન સુવિધા ઉભી કરવા લિસ્ટ તૈયાર કર્યુ હતું જે પૈકી આજે જીવરાજ જીના મુવાડા પ્રાથમિક શાળામાંથી આ સેવાનો પ્રારંભ થયો છે.

ગ્રામ્ય વિસ્તારમાં રહી સરકારી શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે આનંદના સમાચાર છે. હવે ગ્રામ્ય વિસ્તારના બાળકો માટે શાળાએ લઈ જવા અને લાવવા માટેની સુવિધા શરૂ કરાઈ છે ગુજરાત સર્વશિક્ષા અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા ૧૫ જુદા-જુદા ગામડાઓની સરકારી શાળાઓના બાળકોને ઘરેથી શાળાએ અને શાળાએથી ઘરે લઈ જવા અને લાવવા માટે ની સુવિધા ઉભી કરવા લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું હતું. સર્વશિક્ષા અભિયાન ગીતાબેન ઠક્કર દ્વારા લીલી ઝંડી આપી આજે શાળાએથી આ સેવા શરૂ કરવામાં આવી છે. જીવરાજ જીના મુવાડા પ્રાથમિક શાળાના




અંતર્ગત શાળા પ્રવેશોત્સવના પ્રસંગે જીવરાજ જીના મુવાડા પ્રાથમિક શાળામાંથી આ સેવા પ્રારંભ કરવામાં આવ્યો છે. ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતા હોય અને શાળાએથી દોઢ કિલોમીટર દૂર રહેતા હોય તથા ધોરણ ૫ થી ૮ માં અભ્યાસ કરતાં હોય અને શાળાએથી ત્રણ કિલોમીટરની દુરી પર રહેતા હોય તેવા બાળકોને આ સુવિધાનો લાભ આપવામાં આવી રહ્યો છે. શાળા પ્રવેશોત્સવ પ્રસંગે આંગણવાડીના અધિકારી ૩૦ જેટલા બાળકોને આ સેવાનો લાભ આપવામાં આવશે. સર્વ શિક્ષા અભિયાન દ્વારા આ સેવાને લઈ બાળક દીઠ ૩૦૦ રૂપિયા માસિક આપવા માં આવશે. સર્વ શિક્ષા અભિયાન દ્વારા ટૂંક જ સમયમાં અન્ય ૧૫ જેટલી શાળાઓમાં પણ નિશુલ્ક સેવાઓ શરૂ કરવામાં આવશે. આ અભિયાન આગામી સમયમાં સફળ થશે તો સર્વ શિક્ષા અભિયાન દ્વારા આ સેવાનો વ્યાપ વધારશે.

## રાયપુર આસપાસના ગામોમાં ફરતી

# માનસિક અસ્થિર મહિલાની હત્યા કરી મૃતદેહ કેનાલમાં ફેંકી દેવાયો

## કોઈ હવસખોર શખ્સે કેનાલ પાસેથી ઝાડીઓમાં મહિલા ઉપર બળાત્કાર ગુજારીને તેની હત્યા કરી મૃતદેહ કેનાલમાં ફેંક્યો હોવાની આશંકા

ગાંધીનગર,તા.૧૬

ગાંધીનગર તાલુકાના ડભોડા નજીક આવેલા રાયપુર ગામ પાસે એક ચોકાવનારી ઘટના બની હોવાનું ધ્યાને આવ્યું છે. રાયપુર ગામની આસપાસના વિસ્તારોમાં ફરતી આશરે ૪૦ વર્ષની માનસિક અસ્થિર મહિલાનો મૃતદેહ અર્ધનગ્ન હાલતમાં રાયપુર કેનાલમાંથી મળી આવ્યો છે. કપાળના ભાગે ઈજાના નિશાન છે. કેનાલની બાજુમાં આવેલી ઝાડીઓ પાસે નજર પડતાં મૃતક માનસિક અસ્થિર મહિલાના ચંપલ અને પાયજામો મળી આવ્યો છે. કોઈ હવસખોર શખ્સે માનસિક અસ્થિર મહિલાની ઉપર બળાત્કાર ગુજારીને કેનાલ પાસે આવેલી ઝાડીઓમાં હત્યા કરી દઈ મહિલાનો મૃતદેહ કેનાલમાં ફેંકી દીધો હોવાની આશંકા છે. ડભોડા પોલીસે મૃતદેહ પીએમ કરાવી હત્યાનો ગુનો દાખલ કરી ઘટનાના ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ આજે રાયપુર કેનાલમાંથી આશરે ૪૦ વર્ષીય બિનવારસી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા રાયપુર આસપાસના ગામોમાં ફરતી એક માનસિક અસ્થિર મહિલાનો મૃતદેહ હોવાનું જાણવા મળ્યું હતું. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા મૃતકના કપાળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાના નિશાન હતા. કેનાલમાંથી મૃતદેહ નીકળ્યો ત્યારે પણ માનસિક અસ્થિર મહિલાના શરીરે કેટલાક વસ્ત્રો ગાયબ હતા. અર્ધનગ્ન હાલતમાં મળી આવેલા મહિલાના મૃતદેહ મામલે શરૂઆતથી જ પોલીસને શંકા થઈ હતી. દરમિયાન આ તપાસ ચાલી રહી હતી તે અરસામાં જ રાયપુર કેનાલ ની બાજુમાં આવેલી ઝાડીઓમાં નજર પડતા આ મહિલાના ચંપલ અને પાયજામો મળી આવ્યો હતો. ઝાડીઓમાં જે જગ્યાએથી ચપ્પલ અને પાયજામો મળ્યા તેની બરોબર નજીકમાંથી જ એક લોહીભીનો પથ્થરનો ટુકડો પણ મળી આવ્યો હતો. તેની બાજુમાં જ મહિલાને ઢસડીને કેનાલ તરફ લઈ જવાઈ હોય તેવા નિશાન પણ હતા. આ તમામ પરિસ્થિતિઓ જોતા કોઈ અજાણ્યા શખ્સે માનસિક અસ્થિર મહિલાને ટાર્ગેટ કરીને તેણીને ઝાડીઓમાં લઈ જઈ બળાત્કાર ગુજારીને પથ્થરથી કપાળના ભાગે ઘા મારી મહિલાની હત્યા કરી નાખી મૃતદેહ ઢસડીને કેનાલ તરફ લઈ જઈ કેનાલના પાણીમાં ફેંકી દેવાયો હોવાની શંકા પ્રબળ બની છે. જે આધારે ડભોડા પોલીસ મથકના પીએસઆઈ દેસાઈએ આ મામલે મોડી સાંજે હત્યાનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ કરાવી હત્યારા સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે. મૃતક મહિલા પર બળાત્કાર થયો છે કે કેમ તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ બહાર આવશે. ડભોડા પોલીસે ફોરેન્સિક એક્સપર્ટની ટીમ બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ શરૂ કરી છે.

# ભરૂચ પાસે ૬૦૦ કિલો ગાંજો પકડાયો

ભરૂચની નર્મદા ચોકડી પાસે બાતમીના આધારે નાર્કોટીક્સ વિભાગના અધિકારીઓની ટીમે ૬૦૦ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કરી લીધો છે. પાંચની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા લોકોમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે. આ ગાંજો ઓરિસ્સાથી ગુજરાતમાં લાવીને કારોબાર કરવામાં આવી રહ્યો હોવાની વિગત સપાટી ઉપર આવી છે.

# વિશ્વ સંગીત દિને 'સંસ્કૃતિ' સંસ્થાનો 'સ્વરોત્સવ'

## બે દિવસીય સ્વરોત્સવના પ્રથમ દિવસે લોકપ્રિય ગુજરાતી ફિલ્મી ગીતો અને બીજા દિવસે જય વસાવડાની પસંદગીના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા આગામી 'વિશ્વ સંગીત દિવસ' નિમિત્તે તા. ૨૧ અને ૨૨ જુન દરમ્યાન 'સ્વરોત્સવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ બંને દિવસે રાત્રે ૯.૧૫ કલાકે સેક્ટર-૧૭માં ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં પ્રથમ દિવસે 'પાંદડુ લીલું ને રંગ રાતો' તથા બીજા દિવસે 'પ્યાર ઝિંદગી હે' કાર્યક્રમ યોજાશે.

પ્રથમ દિવસે યોજાનાર 'પાંદડુ લીલું ને રંગ રાતો' કાર્યક્રમ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે યોજાશે. જેમાં ગુજરાતી ચલ ચિત્રોના લોકપ્રિય તથા લોકહૈયે સચવાયેલા સુમધુર ગીતો પ્રસ્તુત કરાશે. આ કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા કલાકારો કલ્યાણી કોઠાળકર, નીરજ પાઠક, અમિષ પ્રજાપતિ, આશિતા પ્રજાપતિ તેમનો કંઠ પંકજ પાઠક અને શૈલેષ ઠાકરના સંગીત સંચાલનમાં રેલાવશે. આ પ્રસંગે સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, સભ્ય સચિવ જે.એમ. ભટ્ટ અને સહાયક નિયામક કૃપાબહેન રાવલ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંચાલન પ્રવક્તા તુષાર જોષી કરશે.

દ્વિતિય દિવસે પ્રથમ જાણીતા લેખક-વક્તા અને ફિલ્મ વિવેચક, ફિલ્મીગીતોના અભ્યાસુ જય વસાવડાની પસંદગીના ફિલ્મી ગીતોનો કાર્યક્રમ રજૂ થશે. આ કાર્યક્રમનું સંચાલન જય વસાવડા કરશે અને પંકજ પાઠકના સંગીત નિર્દેશન અંતર્ગત નીરજ પાઠક, સન્ની શાહ અને નયના શર્મા તેમનો સ્વર પ્રસ્તુત કરશે.

# ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની બેઠક યોજાઈ

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે આવેલા સરકારી બગીચા ખાતે ગત્ રોજ સાંજે ૫ કલાકે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ અને સે-૩ ન્યું વસાહત મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં વસાહતીઓને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં મહાસંઘના હોદેદારો, સભ્યો તેમજ સ્થાનિક વસાહતી ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘની બેઠકમાં સેકટરની ચોતરફ કોટ બનાવવો, સેકટરમાં વર્ષોથી સ્થાયી થયેલા ઝુંપડાઓનું દબાણ હટાવવું, મટન માર્કેટ હટાવવું, ચોરીઓ થતી અટકાવવી, આરટીઓ કચેરીને પગલે સેકટરના માર્ગો પર વાહનોનો અડીંગો જામે છે તે દુર કરવો, સફાઈ યોગ્ય રીતે થવી, આંગણવાડી મંજુર થયેલી છે તે સત્વરે શરુ કરવી, સરકારી દવાખાના ના મકાનના એક ભાગમાં ઓપીડી શરુ કરવામાં આવે તેમજ બીજા ભાગમાં સીનીયર સીટીઝન માટે બેઠક, વસાહતની ઓફીસ, લાયબ્રેરી, અને આંગણવાડીની માંગણી માટે તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવશે. સેકટરમાં વારંવાર ગટર ઉભરાવવાના બનાવને પગલે ગટર લાઈન મોટી બનાવવા રજુઆત કરાશે.પોસ્ટ આફિસ માટે નવીન મકાન તૈયાર કરવા માટે દિલ્હી રજુઆત, તેમજ ઉપરોકત માગંણીઓને પગલે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આવેદન પત્ર આપવાનું નક્કી કર્યુ છે. વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, સે-૩ ન્યું વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા, ડો.એચ.ટી. પરમાર સહિત હોદેદારો, સભ્યો તેમજ વસાહતી ભાઈ બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે રાજેન્દ્ર પારેખ દ્વારા આભારવિધી કરવામાં આવી હતી. સેકટરના પ્રશ્નોને પગલે વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત છતા હજુ સુધી કોઈ નિવેડો ના આવતા વસાહતીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. સેકટરના પડતર પ્રશ્નોને લઈ વસાહતીઓ, સામાજીક-સ્વૈચ્છીક સંસ્થાના સેવાભાવી નાગરીકો દ્વારા લોક આંદોલન કરવામાં આવે તો નવાઈ નહી.





**ચલો સ્કુલ ચલે હમ ...** નગરની શાળાઓમાં પ્રવેશોત્સવની મોસમ નિખરી છે. ઉઘડતા શૈક્ષણિક સત્ર દરમિયાન વિદ્યાર્થીઓ હાથમાં દફતર લઈ સ્કુલ ડ્રેસમાં શાળાએ જતા નજરે પડે છે. ત્યારે શાળાનુ પ્રથમવાર પગથિયુ ચઢતા પુર્વે પ્રિસ્કુલમાં પણ ભુલકાઓને તિલક કરી સરસ્તવતી વંદના સાથે ઉત્સાહભેર પ્રવેશ આપવામાં આવ્યો હતો. સે-૭ સ્થિત રંગોલી પ્લે ગૃપમાં પણ નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે નાના ભુલકાઓને જ્ઞાન સાથે ગમ્મત આપવાના અભિગમ સાથે રંગોલી પ્લે ગૃપે બાળકોને અનોખી રીતે વેલકમ કર્યા હતા. ઘરથી સો ડગલા દુર રહી આ ભુલકાઓ પ્લે ગૃપના પારિવારિક વાતાવરણમાં મોજ મસ્તી કરતા નજરે પડયા હતા.